# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૫/૫/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા ટેકસટાઇલના ઉદ્યોગ સાહસિકો માટે 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન' શોર્ટ ટર્મ ટ્રેનીંગ કોર્સ શરૂ કરાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા કાપડ ક્ષેત્ર સાથે સંકળાયેલા ઉદ્યોગ સાહસિકો માટે 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન' શોર્ટ ટર્મ ટ્રેનીગ કોર્સ શરૂ કરવામાં આવ્યો છે. સોમવાર, તા. ૨૪ મે, ૨૦૨૧ના રોજ ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાના હસ્તે દીપ પ્રાગટયવિધી કરીને આ કોર્સની શરૂઆત કરવામાં આવી હતી. આ કોર્સમાં ટેકસટાઇલ સાથે સંકળાયેલા ૩૦ જેટલા ઉદ્યોગ સાહસિકો જોડાયા છે. કોર્સનો સમયગાળો બાર દિવસનો છે અને વિદ્યાર્થીઓને દરરોજ બે કલાક ભણાવવામાં આવી રહયા છે.

ચેમ્બરના પ્રમુખ દિનેશ નાવડિયાએ જણાવ્યું હતું કે, કોઇપણ ઉદ્યોગને ઝડપી ગતિથી આગળ લઇ જવા માટે તેમજ કવોલિટી પ્રોડકશન માટે સ્કીલ વ્યકિતઓની જરૂર પડે છે. ભારત સરકારના સ્કીલ ડેવલપમેન્ટ વિભાગ દ્વારા યુવાનોને સ્કીલ કરવા માટે પ્રયાસ કરવામાં આવી રહયો છે. ચેમ્બર દ્વારા પણ વિવિધ ક્ષેત્રે ઝંપલાવનાર યુવાઓ તેમજ ઉદ્યોગ સાહસિકોને સ્કીલ કરવાના એક પ્રયાસના ભાગરૂપે 'ફેબ્રિક આઇડેન્ટીફિકેશન' શોર્ટ ટર્મ ટ્રેનીગ કોર્સની શરૂઆત કરાઇ છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે ફેશન ડિઝાઇનર્સ, વિવર્સ, ટેકસટાઇલ ટ્રેડર્સ અને બ્રોકર્સ માટે આ કોર્સ ખૂબ જ અગત્યનો છે. આ કોર્સમાં વિવિધ પ્રકારના યાર્ન અને ફેબ્રિકસ વિશે ભણાવવામાં આવે છે. યાર્ન અને ફેબ્રિકસનો ટેકસટાઇલ ઈન્ડસ્ટ્રીમાં કયા પ્રકારે ઉપયોગ કરવામાં આવે છે તેની સંપૂર્ણ માહિતી આપવામાં આવે છે. આ કોર્સ બાદ ઉદ્યોગ સાહસિકો જુદા–જુદા ફેબ્રિકસની તેમજ તેની કવોલિટીની ઓળખ સરળતાથી કરી શકશે. નેચરલ અને સિન્થેટિક ફેબ્રિકસની વચ્ચેનો તફાવત તેઓ સારી રીતે સમજી શકશે. ફેબ્રિકસમાં નવી કવોલિટી બનાવી શકશે. એપેરલ્સ માટે ફેબ્રિકસનું પરફેકટ કોમ્બીનેશન બનાવી શકશે.